**<u>રાજકોટના મહેરબાન ૨૦ મા એડી. સીનીયર સીવીલ જજ સાહેબની કોર્ટમાં</u>**

**<u>મું. રાજકોટ.</u>**

ફો.કે. નં.૫૭૬૯/૨૦૨૩

આંકઃ– ૧ નીચે હુકમ

ફરીયાદીઃ– શ્રી સરકાર

વિરુધ્ધ

આરોપીઓઃ– (૧) જેરામભાઈ જીવણભાઈ મુછડીયા
(૨) મુનાવર યાકુબભાઈ દાવદાણી
(૩) ઈકબાલભાઈ અબ્દુલભાઈ કરગથરા
(૪) રૂપેશ ઉર્ફે જીગર જયંતીભાઈ સુમરા
(૫) બોદુભાઈ આમદભાઈ બોડાતર
(૬) આમદભાઈ આદમભાઈ દલ

(૧) સદર કામે આજ રોજ આરોપીઓ આજ રોજ હાજર છે.આ કામે આરોપીઓ વિરુધ્ધ ભકિતનગર પો.સ્ટે.નોંધયેલ ગુન્હા રજી.નં.૧૧૨૦૮૦૪૪૨૨૦૮૦૬/૨૦૨૨ જાહેરમાં ગંજીપાનાના પાના વડે જુગાર રમી તે મુજબનો ગુન્હો નોંધાયેલ જેની તપાસ થઈ આવતા ઉપરોક્ત નંબરનો કેસ રજીસ્ટર થયેલ છે.

(૨) સદર કામે આરોપીને સમન્સ/વોરંટ કરતા આરોપી હાજર થયેલ છે અને આ કામે આરોપીએ આંકઃ– થી કબુલાત પુરસીસ આપેલ છે અને આરોપીની આંકઃ– ..... સુધીથી પ્લી નોધવામાં આવતા આરોપીએ ગુન્હો કબુલ હોવાનું જણાવેલ છે અને રજુઆત કરેલ છે કે તેઓ ગરીબ વર્ણ માણસ છે અને સદર ગુન્હો કબુલ હોવાનું જણાવેલ છે અને હવે ભવિષ્યમાં ફરીથી આવી ભુલ કરશે

નહી અને ગુન્હાનો તેમને પસ્તાવો છે અને તેમના કુટુંબનો આધાર તેમની ઉપર રહેલ છે જેથી તેમની ભુલ માફ કરી સદર ગુન્હામાંથી મુક્ત કરવા અરજ કરેલ છે.

(૩) આ કામે આરોપીની રજુઆત ધ્યાને લેતા અને સદર કામે રેકર્ડ ધ્યાને લેતા આ કામે આરોપ વિરુધ્ધ જુગારધારાની કલમ– ૧૨ મુજબનો ગુન્હો છે આ કામે આરોપીની રજુઆત ધ્યાને લેતા તેઓ ગરીબ વર્ણના માણસ છે અને તેમની પહેલી ભુલ હોઈ માફ કરવા અરજ કરેલ છે ત્યારબાદ આ કામે હજુ આરોપીનો ચાર્જ ફ્રેમ થયા બાદ કેસની કાર્યવાહી આગળ ચાલતા સમય જાય તેમ છે અને આ કામે આરોપી ગુન્હાની કબુલાત કરવા માંગતા હોય આ કામે ના.ગુજરાત હાઈકોર્ટ State Of Gujarat V/S Natwar Harchandji Thakor on 22 February 2005 Equivalent Citations:2005 CriLJ 2957,(2005) 1 GLR 709 માં આમ સદર ચુકાદામાં પ્રસ્થાપી થયેલ સિધ્ધાંત ધ્યાને લેતા આરોપીનો પ્રથમવારનો ગુન્હો હોય.આમ સદર ચુકાદાથી પ્રસ્થાપી થયેલ સિધ્ધાંત ધ્યાને લેતા તેમજ હાલના કેસમાં આરોપીએ તેમનો પ્રથમવારનો ગુન્હો હોવાનું જણાવેલ છે અને આ કામે ચાર્જશીટ ધ્યાને લેતા આરોપી સામે અગાઉ આ પ્રકારનો ગુન્હો આચરેલ હોવાની કોઈ હકીકત રેકર્ડ ઉપર જણાઈ આવતી નથી અને જેથી આરોપીનો પ્રથમવારનો ગુન્હો હોવાનુંમાની સદર ચુકાદામાં પ્રસ્થાપીત થયેલ સિધ્ધાંતને ધ્યાને લઈ અને સદર કેસની હકીકતો ધ્યાને લઈ આ કામે આરોપીઓ હાજર રહે છે અને આરોપીની ઉંમર તથા તેમની પરિસ્થિતિ વિગેરે હકીકત લક્ષમાં લઈ આ કામે નીચે મુજબનો હુકમ ફરમાવું છું.

**ઃહુકમઃ**

સદર કામે આરોપીઓ (૧) જેરામભાઈ જીવણભાઈ મુછડીયા, (૨) મુનાવર યાકુબભાઈ દાવદાણી, (૩) ઈકબાલભાઈ અબ્દુલભાઈ કરગથરા, (૪) રૂપેશ ઉર્ફે જીગર જયંતીભાઈ સુમરા, (૫)બોદુભાઈ આમદભાઈ બોડાતર, (૬) આમદભાઈ આદમભાઈ દલ નાઓને ક્રિ.પ્રો.કોડની કલમ ૨૫૨ હેઠળ જુગારધારાની કલમઃ– ૧૨ હેઠળ પ્રત્યેક આરોપીએ રુ.200X6=1200/–( અંકે રુપિયા બાર સો પુરા) તથા કોર્ટ ઉઠતા સુધીની સજા ફરમાવવાનો હુકમ કરવામાં આવે છે.

આ કામે મુદ્દામાલ રોકડ રકમ સરકાર ખાલસા કરવી તેમજ અન્ય કોઈ મુદ્દામાલ હોય તો મુદ્દામાલની હરાજી કરી તેની રકમ સરકાર ખાતે જમાવેલી અને નોન વેલ્યુએબલ મુદ્દામાલનો નાસ કરવાનો હુકમ કરવામાં આવે છે.

તા.૦૯/૦૯/૨૦૨૩

(મોહંમદ સઈદ મહેમુદમીયાં શેખ)
૨૦ મા એડી. સીનીયર સીવીલ જજ ,
રાજકોટ.
UIC No. GJ01200